RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 174 * Date: 14.04.2025,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દિલ્હીમાં ૫૫ લાખ વાહનો હવે 'ગેરકાયદે', પેટ્રોલ-ડીઝલ નહીં મળે: દિશા-નિર્દેશ જાહેર



દિલ્હી સરકારે જૂના વાહનો પર મહત્ત્વનો નિર્ણય લીધો છે. નવી માર્ગદર્શિકા જારી કરતાં પરિવહન વિભાગે ૨૦૨૪થી દિલ્હીમાં ૧૦ વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષથી વધુ જૂના પેટ્રોલ/સીએનજી વાહનોનું રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યું છે. તેમજ આ જૂના વાહનોને પેટ્રોલ-ડીઝલ ન આપવા પણ આદેશ આપી દીધો છે. તેના માટે દિલ્હીમાં ૪૭૭ ફ્યુલ રિફિલિંગ સ્ટેશન પર ડિવાઈસ લગાવવામાં આવ્યું છે. જેની મદદથી વાહનોની લાઈફ સાયકલ જાણી શકાશે. આ પ્રકારના એન્ડ ઓફ લાઈફ વ્હિકલની સંખ્યા દિલ્હીમાં ૫૫ લાખથી વધુ છે. આ વાહનોની યાદી પરિવહન વિભાગની વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે.પરિવહન વિભાગની માર્ગદર્શિકા અનુસાર, એન્ડ ઓફ લાઈફ સાયકલ ધરાવતા આ વાહનોને જાહેર સ્થળોએ કે, ખાનગી સ્થળે પાર્ક કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આવી સ્થિતિમાં, વાહન માલિકો પાસે માત્ર બે જ વિકલ્પો છે. એક તો વાહનની એન્ડ ઓફ લાઈફ સાયકલ તારીખના એક વર્ષની અંદર તેને દિલ્હીની બહાર લઈ જવા માટે 'નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ' લેવું પડશે. બીજું તેને સ્ક્રેપ કરવાનું રહેશે.દિલ્હી સરકારે પ્રદુષણ પર નિયંત્રણ મેળવવા પરિવહન ક્ષેત્રે વિવિધ સુધારાઓ હાથ ધર્યા છે. જેમાં જૂના વાહનોનો તાત્કાલિક ધોરણે સ્ક્રેપ (નિકાલ) કરવા અપીલ કરી છે. જેના માટે તેઓ વોલેન્ટરી વ્હિકલ સ્ક્રેપિંગ એપ્લિકેશનના માધ્યમથી રજિસ્ટર્ડ વ્હિકલ સ્ક્રેપિંગ ફેસિલિટીનો ઉપયોગ કરી શકે છે. આ પ્રક્રિયાના માધ્યમથી નવા વાહનના રજિસ્ટ્રેશન પર મોટર વાહન ટેક્સમાં છૂટ પણ મળશે.સરકારની નવી માર્ગદર્શિકા મુજબ જો જૂના વાહનો દિલ્હીના જાહેર કે ખાનગી સ્થળોએ પાર્ક થયેલા જોવા મળ્યા તો તેને જપ્ત કરવામાં આવશે. તેમજ વાહનના માલિકને રૂ. ૫૦૦૦થી રૂ. ૧૦,૦૦૦ સુધીનો દંડ ફટકારવામાં આવશે. તદુપરાંત આ વાહનોને ઈંધણ ન આપવા તમામ ફ્યુલ રિફિલિંગ સ્ટેશન્સને આદેશ આપવામાં આવ્યો છે. જેના માટે એક સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. જેમાં મોટાભાગના પેટ્રોલ પંપને આવરી લેવામાં આવ્યા છે.

## સૌરાષ્ટ્રમાં એક જ દિવસમાં આપઘાતની બે ઘટનાઃ ગારિયાધારમાં આધેડે, જામનગરમાં યુવકે ઝેરી દવા પીધી



રાજ્યમાં આપઘાતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે અને સમયાંતરે વિવિધ કારણોસર જીવન ટૂંકાવવાનાં બનાવો સામે આવી રહ્યાં છે. આ દરમિયાન ભાવનગર અન જામનગરમાં આપઘાતની ઘટના સામે આવી છે. ભાવનગરના ગારિયાધારમાં આધેડે ઝેરી દવા પીને પોતાના શરીર પર આગ ચાંપી દીધી હતી. જ્યારે જામનગરના લાલપુરમાં વ્યાજખોરોના ત્રાસથી યુવકનો આપઘાત કર્યો હતો.

મળતી માહિતી અનુસાર, ભાવનગરના ગારિયાધારમાં રમેશ મકવાણાએ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હતો. તેમણે પહેલા ઝેરી દવા પીધી હતી અને બાદમાં પોતાના શરીર પર જાતે જ આગ ચાંપીને આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. ગારિયાધાર તાલુકાના સાંઢખાખરા અને ચોંડા રોડ પર બળેલી હાલતમાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ઘટના સ્થળે જઈને તપાસ હાથ ધરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

## જયપુરમાં કાર-ટ્રેલર વચ્ચે ભયંકર અકસ્માત, ખાટૂ શ્યામના દર્શને જતાં એક જ પરિવારના ૫નાં મોત



જયપુર-દોસા નેશનલ હાઈવે પર આજે વહેલી સવારે એક ભીષણ માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે. આ દુર્ઘટના મનોહરપુર નજીક નેકાવાલા ટોલ પ્લાઝા નજીક ઘટી હતી. જ્યાં એક કાર અને ટ્રેલર સામ-સામે અથડાયા હતા. મૃતકોમાં એક ૧૨ માસનું બાળક અને બે મહિલાઓ સામેલ છે. તમામ મૃતક એક જ પરિવારના છે. તેઓ ખાટૂ શ્યામ મંદિર દર્શનાર્થે જઈ રહ્યા હતાં.

આ અકસ્માત એટલો ભયાવહ હતો, કારનો કચ્ચરઘાણ થયો હતો. કારમાં ફસાયેલા બે ઘાયલોને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યા હતાં. આ અકસ્માત ઓવરટેકના કારણે સર્જાયો હોવાનું પ્રારંભિક ધોરણે જાણવા મળ્યું છે. એક વાહનને ઓવરટેક કરવાના પ્રયાસમાં કાર ટ્રેલરમાં ઘૂસી હતી. આ દુ:ખદ ઘટના બાદ હાઈવે પર લાંબો ટ્રાફિક જામ થયો હતો. સૂચના મળતાં જ સ્થાનિક પોલીસ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી. તેણે રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. પોલીસે મૃતકોના શબ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. આ ભયાનક અકસ્માતમાં મૃતકોની ઓળખ હજુ સુધી થઈ નથી. પરંતુ પોલીસનું કહેવું છે કે, તે તમામ એક જ પરિવારના સભ્ય હતાં. તેઓ ખાટૂ શ્યામ દર્શન કરવા જઈ રહ્યા હતાં. આ હૃદયદ્રાવક ઘટનાથી આખા વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ટ્રેલરને જપ્ત કરવામાં આવ્યું છે. ટ્રેલર ચાલકની ઓળખ થઈ રહી છે. પ્રારંભિક ધોરણે ઘટના કાર ચાલકની બેદરકારીના કારણે સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે. જો કે, તપાસ હજુ ચાલુ છે. આ ઘટનાએ ફરી એકવાર નેશનલ હાઈવે પર સુરક્ષિત ડ્રાઈવિંગ અને ટ્રાફિક નિયમોના પાલનની આવશ્યકતા પર ભાર મૂક્યો છે.

## ગુજરાતનો 'ઝોળીદાર વિકાસ': નર્મદા જિલ્લામાં સાપ કરડતા પીડિતને ૧૦ કિ.મી. દૂર ઊંચકીને લઈ જવાયો

વિકસિત ગુજરાતના બણગાં ફૂંકતી રાજ્ય સરકારના વિકાસની ફરી એકવાર પોલ ખૂલી ગઈ છે. નર્મદા જિલ્લાના ચાપટ ગામના પેટા ફળિયામાં રહેતા ઈસિદ્રભાઈને સાપ કરડતા રોડના અભાવે ઝોળીમાં નાંખીને દવાખાને લઈ જવા પડ્યા હતાં. આ ઘટના સામે આવ્યા બાદ નર્મદાનો ઝોળીદાર વિકાસ ફરી એકવાર સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, નર્મદા જિલ્લાના ચાપટ ગામના પેટા ફળિયામાં ઈસિદ્રભાઈ વસાવાને સાપ કરડ્યો હતો. સાપ કરડ્યા બાદ તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી. પરંતુ, રસ્તાના અભાવે એમ્બ્યુલન્સ ગામ સુધી પહોંચી શકે તેમ ન હતી. તેથી, આશરે ૧૦ કિ.મી સુધી ઈસિદ્રભાઈને ઝોળીમાં નાંખીને મુખ્ય રોડ સુધી લાવવામાં આવ્યા. મુખ્ય માર્ગ પરથી બાદમાં તેમને ખાનગી વાહનમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. હાલ, હોસ્પિટલમાં તેમની સારવાર થઈ રહી છે.

## ગાંધીનગર: સાબરમતીમાં નહાવા પડેલા બે અમદાવાદી યુવક ડૂબ્યા, એકનું મોત

ગાંધીનગરથી ચોંકાવનારા સમચાર સામે આવ્યા છે. જેમાં રવિવારે (૧૩ એપ્રિલ) સાબરમતી નદીમાં નહાવા ગયેલા બે યુવકો ડૂબી ગયા છે. બંને યુવકો અમદાવાદના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. હાલ એકનો મૃતદેહ મળી ગયો છે અને અન્ય એકની શોધખોળ થઈ રહી છે. અમદાવાદના ચાંદખેડાના રહેવાસી બે યુવકો વધતી ગરમીના પ્રકોપે ગાંધીનગરમાંથી પસાર થતી સાબરમતી નદીમાં નહાવા ગયા હતાં. આ દરમિયાન બંને યુવકો નદીમાં ડૂબી ગયા હતાં. ઘટનાની જાણ થતા ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહ બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી. ભારે જહેમત બાદ ૧૯ વર્ષીય આર્યન સિંહ રાજપૂતની લાશ મળી આવી આવી છે.



## આંધ્ર પ્રદેશની ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટ બાદ ભીષણ આગ, આઠ લોકોના મોત



આંધ્રપ્રદેશના અનાકાપલ્લી જિલ્લામાં એક ફટાકડાં બનાવતી ફેક્ટરીમાં મોટો વિસ્ફોટ થતા અફરાતફરી મચી હતી. જેમાં આગની જ્વાળાઓ અનેક કિલોમીટર સુધી ફેલાઈ હતી. આ વિસ્ફોટમાં ફેક્ટરીમાં કામ કરતાં આઠ શ્રમિકોના મોત થયા હતાં. જેમાં બે મહિલાઓ સામેલ છે. તેમજ સાતથી વધુ શ્રમિકો ઘાયલ છે. જિલ્લા પોલીસ કમિશનર તુહિન સિંહાએ આ સંદર્ભે માહિતી આપતાં ઘટનાની ખાતરી કરી હતી.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડૂએ અનાકાપલ્લી જિલ્લાના કોટાવુરાટલામાં આવેલી ફટાકડાં બનાવતી ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટ પ્રત્યે ચિંતા વ્યક્ત કરી હતી. તેમજ તેમાં માર્યા ગયેલા આઠ શ્રમિકો પ્રત્યે દુ:ખ વ્યક્ત કર્યું હતું. તેમણે આ મામલે વધુ તપાસ હાથ ધરવા અને બચાવ કામગીરી માટે જિલ્લા કલેક્ટર, પોલીસ કમિશનર, અને રાજ્યના ગૃહ મંત્રી સાથે સંપર્ક સાધ્યો હતો. ઈજાગ્રસ્તોને જરૂરી તમામ સારવાર સેવાઓ ઝડપથી પ્રદાન કરવાની ખાતરી કરતાં તેમણે કહ્યું હતું કે, સરકાર પીડિતોના પરિવાર પ્રત્યે સંવદેનશીલ છે. અધિકારીઓને આકરી તપાસ કરી રિપોર્ટ તૈયાર કરવા નિર્દેશ આપ્યો છે. ઈજાગ્રસ્ત શ્રમિકોની હાલત ગંભીર છે.

## વક્ફ કાયદાને લઈને બંગાળમાં હિંસા: ધુલિયાણથી ૫૦૦ હિંદુઓનું પલાયન

૧૧-૧૨ એપ્રિલના રોજ મુર્શિદાબાદમાં વક્ફ કાયદા વિરુદ્ધ હિંસક વિરોધ પ્રદર્શન થયા હતા, ત્યારબાદ હિન્દુઓએ ત્યાંથી પલાયન કર્યું પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ, ઉત્તર ૨૪ પરગણા, હુગલી અને માલદા જિલ્લામાં વક્ફ કાયદા વિરુદ્ધ હિંસક વિરોધ પ્રદર્શનો થયા હતા. વાહનોને આગ ચાંપી દેવામાં આવી, દુકાનો-ઘરોમાં તોડફોડ અને લૂંટ ચલાવવામાં આવી. અત્યાર સુધીમાં ૩ લોકોના મોત થયા છે. ૧૫ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. ૧૫૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.કેન્દ્ર સરકારે



પશ્ચિમ બંગાળના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં ૧૬૦૦ સૈનિકો તૈનાત કર્યા છે. લગભગ ૩૦૦ મ્જીહ્લ સૈનિકો છે. કુલ ૨૧ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. હિંસાગ્રસ્ત વિસ્તારોમાં ઈન્ટરનેટ પર પ્રતિબંધ છે. કલમ ૧૪૪ પણ અમલમાં છે. વક્ફ કાયદાના વિરોધમાં રાજ્યમાં ૧૦ એપ્રિલથી હિંસા ચાલુ છે.અહીં, મુર્શિદાબાદના ધુલિયાણથી લગભગ ૫૦૦ લોકો સ્થળાંતર કરીને આવ્યા છે. તે બધાએ નદી પાર માલદાના વૈષ્ણવનગરમાં એક શાળામાં આશરો લીધો છે.

## વિરમગામમાં શ્રદ્ધાળુઓ પર ત્રાટકી મધમાખીઓ, ૧૦૦થી વધુ લોકોને દંશ માર્યા, ૨૦ને હોસ્પિટલ ખસેડાયા

ગુજરાતના વિરમગામમાં અનોખી ઘટના બની હતી. શનિવારે હનુમાન જન્મોત્સવ નિમિત્તે હવન, આરતી બાદ શ્રદ્ધાળુઓ માટે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન અચાનક મધમાખીનું ઝૂંડ શ્રદ્ધાળુઓ પર ત્રાટક્યું અને નાસભાગ મચી ગઈ હતી. મધમાખીઓએ શ્રદ્ધાળુઓને દંશ માર્યા હતા. એક હજારથી વધુ લોકો અહીં હાજર હતા. જેમાંથી ૧૦૦થી વધુ લોકો તેનો ભોગ બન્યા હતા અને ૨૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. વિરમગામ શહેરના ભોજવા વિસ્તાર નજીક સીમમાં પ્રખ્યાત શીગડાથળ હનુમાન દાદાનું મંદિર છે. જ્યાં હનુમાન જયંતિ નિમિત્તે સવારે હવન, આરતી સાથે અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આસપાસના ૪ થી ૫ ગામના લોકો ભેગા થયા હતાં. હવન અને આરતી સંપૂર્ણ થયા બાદ લોકો પ્રસાદ આરોગી રહ્યા હતા, આ દરમિયાન અચાનક નજીકમાંથી મધમાખીઓનું મોટું ઝુંડ આવી ચડ્યું અને અહીં હાજર શ્રદ્ધાળુઓ પર ત્રાટકતા સમગ્ર વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી. અહીં અંદાજિત એક હજારથી વધુ લોકો હાજર હતાં, જેમાંથી સો જેટલી મહિલા, પુરૂષ અને બાળકોને મધમાખીએ દંશ દીધા હતા. આ નાસભાગ દરમિયાન લોકો જ્યાં જગ્યા મળે ત્યાં પોતાને બચાવવાનો પ્રયાસ કરતા હતાં. જેમાં અમુક ગોદડા નીચે સંતાઈ ગયા તો અમુક વાહનોમાં બેસી ભાગ્યા હતાં.

## તંત્રી લેખ...

# સોનામાં રૂ.૯૬૫૦૦નો નવો રેકોર્ડ : ચાંદીમાં પણ આગેકૂચ

મુંબઈ : મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોના- ચાંદીના ભાવમાં રેકોર્ડ તેજી આગળ વધ્યાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. વિશ્વબજારના સમાચાર ભાવમાં વધુ ઉછાળો બતાવી રહ્યા હતા. વિશ્વબજાર ઉંચકાતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચી જતાં દેશના ઝવેરીબજારોમાં આજે આગેકૂચ ચાલુ રહી હતી. અમદાવાદ ઝવેરીબજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૨૦૦ વધી ૯૯૫ના રૂ.૯૬૨૦૦ તથા ૯૯૯ના રૂ.૯૬૫૦૦ બોલાતા થયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૫૦૦ વધી રૂ.૯૪૫૦૦ બોલાયા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૩૨૩૦થી ૩૨૩૧વાળા વધી ઉંચામાં ભાવ ૩૨૪૫થી ૩૨૪૬ થઈ છેલ્લે સપ્તાહના અંતે ભાવ ૩૨૩૭થી ૩૨૩૮ ડોલર રહ્યાના સમાચાર મળ્યા હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઘટતાં તથા ચીન અને અમેરિકા વચ્ચે ટેરીફ- યુધ્ધ વકરતાં તેમજ વિશ્વના વિવિધ દેશોની સેન્ટ્રલ બેન્કો ડોલર વેંચીને સોનું ખરીદી રહ્યાના વાવડ વચ્ચે વિશ્વબજારમાં સોનામાં ફંડોનું બાઈંગ ચાલુ રહ્યું હતું. વિશ્વબજારના સમાચાર મુજબ લંડન બજાર કરતાં ચીનના શાંગાઈ બજારમાં સોનાના ભાવમાં પ્રિમીયમો બોલાતા થયા હતા. ઘરઆંગણે હવે સોનામાં રૂ.એક લાખના ભાવ પર બજારની નજર રહી હતી.

# વિશ્વમાં વધુ એક મોટી મહામારી આવવાનું નિશ્ચિત: WHOના મહાનિર્દેશક ટેડ્રોસ એડનોમ ઘેબ્રેયસસ

વિશ્વ આરોગ્ય સંગઠન (ઉઊઁ)ના મહાનિર્દેશક ટેડ્રોસ એડનોમ ઘેબ્રેયસ એક મોટું નિવેદન આપ્યું હતું જેમાં તેમણે દુનિયામાં વધુ એક મોટી મહામારી આવવાનો દાવો કરી વિશ્વભરની ચિંતા વધારી દીધી છે. ડબલ્યુએચઓના મહાનિર્દેશકે દાવા સાથે ચેતવણી પણ આપી છે કે, વિશ્વમાં વધુ એક મોટી મહામારી આવવાનું નિશ્ચિત છે. હેલ્થ સ્ટડીમાં કરાયેલા અભ્યાસમાં સાબિત થયું છે કે, ગમે ત્યારે મોટી મહામારી આવવાનો ખતરો છે. તેમણે ડબલ્યુએચઓની બેઠકમાં બોલતા કહ્યું કે, 'આગામી સમયમાં કોઈપણ સમયે ગમે ત્યાં વૈશ્વિક સંકટ આવી શકે છે. આ સંકટ આવવામાં ૨૦ વર્ષ પણ લાગી શકે છે અને કદાચ આવતીકાલે પણ આવી શકે છે.'

ડબલ્યુએચઓના મહાનિર્દેશક ટેડ્રોસ એડનોમ ઘેબ્રેયસસે આ મુદ્દે વાત કરતાં આગામી મહામારી માટે વિશ્વને તૈયાર રહેવાની સલાહ આપી છે. તેમણે કહ્યું કે, 'ભૌગોલિક રાજકીય સ્થિતિ અને આર્થિક સંકટ કોરોના મહામારીની યાદ અપાવી રહ્યા છે. આપણે આગામી મહામારી માટે તૈયાર રહેવું જોઈએ. આગામી મહામારી ૨૦ વર્ષ બાદ અથવા આવતીકાલે પણ આવી શકે છે. કોરોના મહામારીમાં સરકારી આંકડા મુજબ ૭૦ લાખ લોકોના મોત થયા હતા, જોકે તેનો વાસ્તવિક આંકડો બે કરોડથી વધુ હોઈ શકે છે. વૈશ્વિક મહામારીના કારણે અર્થવ્યવસ્થાને ૧૦ હજાર અબજ ડૉલરનું નુકસાન થયું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, 'આગામી મહામારીને ધ્યાને રાખી અન્ય દેશો સાથે મહામારી અંગે ચર્ચા કરવાની તેમજ સમજૂતી કરવાની જરૂર છે. જેથી વૈશ્વિક સ્તરે સરકારો રોગચાળાનો સામનો કરવા માટે એક વ્યૂહરચના માટે વૈશ્વિક ભાગીદારી દ્વારા બંધાયેલી રહે. આપણે વિશ્વભરની સરકારોને સાથે સમજૂતી કરવા આગળ વધવું જોઈએ અને સાર્વત્રિક સર્વસમાવેશક કરાર કરવો જોઈએ. તેમણે ડબલ્યુએચઓની બેઠકમાં આવેલા દેશના તમામ પ્રતિનિધિઓને અપીલ કરી છે કે, આપણે હવે આ સમજૂતીને અંતિમ રૂપ આપવાની જરૂર છે, તેથી તમે સર્વસંમતિથી કરાર માટે તૈયાર થઈ જાઓ.

# દક્ષિણ ફ્લોરિડામાં એક નાનું વિમાન ક્રેશ થયું

ફ્લોરિડા,

ગુરુવારે ન્યૂયોર્કની હડસન નદીમાં થયેલા હેલિકોપ્ટર દુર્ઘટના બાદ, શુક્રવારે દક્ષિણ ફ્લોરિડામાં એક નાનું વિમાન પણ ક્રેશ થયું, જેમાં ૩ લોકોના મોત થયા અને ૧ વ્યક્તિ ઘાયલ થઈ. આ ઘટનાઓએ અમેરિકામાં હવાઈ સુરક્ષા અંગે ચિંતામાં ખૂબ વધારો કરી દીધો છે.શુક્રવારે સવારે લગભગ ૧૦:૧૫ વાગ્યે દક્ષિણ ફ્લોરિડામાં એક નાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત બન્યું. આ વિમાન એક મહત્વના આંતરરાજ્ય હાઈવે અને રેલવે ટ્રેક નજીક તૂટી પડ્યું હતું. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન ( હ્વછછ)એ વિમાનની ઓળખ સેસ્ના ૩૧૦ તરીકે કરી હતી, જેમાં ૩ લોકો સવાર હતા. દુર્ઘટનામાં ત્રણેય લોકોના મોત થયા, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ. અકસ્માતનું સ્થળ ધૂમાડાથી ઢંકાયેલું હતું, જેના કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી આવી. બોકા રેટનના મેયર સ્કોટ સિંગરે જણાવ્યું કે આ ઘટનાની તપાસ હાલ શરૂ થઈ છે. તપાસ એજન્સીઓ હવે આ દુર્ઘટનાના કારણો શોધવા પ્રયાસ કરી રહી છે.આગળ દિવસે (ગુરુવારે) લગભગ બપોરે ૩:૧૭ વાગ્યે ન્યૂયોર્ક અને ન્યૂ જર્સી વચ્ચેની હડસન નદીમાં એક હેલિકોપ્ટર દુર્ઘટનાનો શિકાર બન્યું. આ હેલિકોપ્ટરમાં સવાર તમામ ૬ લોકોના મોત થયા, જેમાં એક પરિવાર અને પાયલટનો સમાવેશ થાય છે. મૃતકોમાં જર્મન ટેકનોલોજી કંપની સિમેન્સના સ્પેન યુનિટના સીઈઓ ઓગસ્ટિન એસ્કોબાર, તેમની પત્ની મર્સ કેમ્પરુબી મોન્ટલ અને તેમના ૩ બાળકો હતા. ન્યૂયોર્કના મેયર એરિક એડમ્સે જણાવ્યું કે બાળકોની ઉંમર ૪, ૮ અને ૧૦ વર્ષ હતી. આ દુર્ઘટના ચોંકાવનારી છે, કારણ કે ૮ વર્ષનું બાળક શુક્રવારે પોતાનો જન્મદિવસ ઉજવવાનો હતો.બંને દુર્ઘટનાઓની તપાસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (હ્વજીમ) અને હ્વછછ દ્વારા શરૂ કરવામાં આવી છે. હેલિકોપ્ટર દુર્ઘટનામાં ઉડ્ડયન નિયંત્રણની ખામી હોવાની આશંકા છે, જ્યારે ફ્લોરિડાના વિમાન અકસ્માતનું કારણ હજુ સ્પષ્ટ નથી. આ ઘટનાઓએ અમેરિકાના વ્યસ્ત હવાઈ માર્ગો પર સુરક્ષા નિયમોની સમીક્ષા કરવાની જરૂરિયાત ઉભી કરી છે. ન્યૂયોર્કના મેયર એડમ્સે શોક વ્યક્ત કરતાં કહ્યું કે, "આ દુખદ ઘટનામાં પરિવારની ખોટ અમને ઊંડો આઘાત આપે છે."

# 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની થીમ આધારીત માધવપુર મેળાનું સુખરૂપ સમાપન: ગુજરાત સહિત દેશભરના ૬.૭૬ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ લીધી મુલાકાત?

પોરબંદર/અમદાવાદ,

ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ તેમજ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની થીમ આધારીત માધવપુર ઘેડ મેળાનું પોરબંદર ખાતે ગત તા. ૬ થી ૧૦ એપ્રિલ સુધી ૫ દિવસ માટે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન શ્રી કૃષ્ણએ રાણી રૂક્ષમણી સાથે પોરબંદરના માધવપુરમાં લગ્ન કર્યા હતા તેની યાદમાં દર વર્ષે સાંસ્કૃતિક મેળાના સ્વરૂપમાં માધવપુર ખાતે ઉજવણી કરવામાં આવે છે.

આ વર્ષે ગુજરાત સહિત દેશભરના ૬,૭૬,૩૦૮ જેટલા શ્રદ્ધાળુઓ માધવપુર ઘેડ મેળામાં સહભાગી થયા હતા. માધવપુર ખાતે દર રોજ સાંજે ગુજરાત તથા નોર્થ ઈસ્ટના કૂલ ૧,૬૮૫ કલાકારો દ્વારા દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની ભવ્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ વર્ષે માધવપુર ઘેડ મેળાની ઉજવણી સમગ્ર ગુજરાતમાં કરવામાં આવી હતી. ગુજરાત સહિત ઉત્તરપૂર્વના ૮ રાજ્યો - 'અષ્ટલક્ષ્મી' માધવપુર ઘેડ મેળામાં સહભાગી થયા હતા. ગુજરાત અને નોર્થ ઈસ્ટની વિવિધ ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિઓએ અનોખું આકર્ષણ જમાવ્યું હતું.

માધવપુર ઘેડ ખાતે ગુજરાતના ૪૮ તથા નોર્થ ઈસ્ટના આઠ રાજ્યોના ૧૫૨ સ્ટોલ્સ એમ કુલ ૨૦૦ સ્ટોલમાં રૂ.૧,૨૩,૭૫,૯૦૪ની રકમની વિવિધ વસ્તુઓનું વેચાણ કરવામાં આવ્યું છે. ઉપરાંત પારંપરિક લગ્ન બાદ ભગવાન શ્રી કૃષ્ણ હ્રહી દેવી રુકમણી નું દ્વારકા ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું સાથે 'એક ભારત શ્રેષ્ટ ભારત' થીમ આધારિત તેમજ શ્રી કૃષ્ણ અને રુક્ષમણીજીના જીવન આધારિત થીમ પર ભવ્ય મલ્ટી મીડિયા શોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

માધવપુર મેળા દરમિયાન ૫૦ ફૂડ સ્ટોલ પૈકી ૮ ફૂડ સ્ટોલ નોર્થ ઈસ્ટ રાજ્યોને ફાળવવામાં આવ્યા હતા. નાગરીકોએ નોર્થ ઈસ્ટના ભોજનનો સ્વાદ માણ્યો હતો.

માધવપુર ખાતે આયોજિત ભવ્ય મેળાની શરૂઆત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવી હતી. પાંચ દિવસીય મેળામાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, ત્રિપુરાના રાજ્યપાલ શ્રી નલ્લુ ઈન્દ્રસેન રેડ્ડી, અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ કૈવલ્ય ત્રિવિક્રમ પરનાયક ઉપરાંત કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા અને શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, ગુજરાતના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા,જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી હર્ષ સંઘવી સહિત મંત્રીશ્રીઓ સહભાગી થયા હતા.

આ વર્ષે માધવપુર ઘેડ મેળાની ઉજવણી સમગ્ર ગુજરાતમાં કરવામાં આવી હતી. પોરબંદર ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, સોમનાથ ખાતે પણ આ મેળાની ઉજવણીના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા છે. જેમાં તા. ૧ એપ્રિલ, સુરતમાં ઈનડોર સ્ટેડિયમ ખાતે ૪,૭૧૫ મુલાકાતીઓએ ૪૦૦થી વધુ કલાકારો દ્વારા પ્રસ્તૃત કરવામાં આવેલ કાર્યક્રમ નીહાળ્યો હતો. તા. ૨ એપ્રિલે વડોદરામાં અકોટા સ્ટેડિયમ ખાતે ૪૩૮૭ મુલાકાતીઓ, તા. ૩ એપ્રિલ અમદાવાદમાં ટ્રાન્સ્ટેડિયા ખાતે ખાતે ૧૦,૦૭૮ મુલાકાતીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો.

આ ઉપરાંત અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે તા. ૩૦ માર્ચથી ૪ એપ્રિલ દરમિયાન હ્વઈઉઁઉઁહ્વઝ ના સંકલનથી હાટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસામ, અરૂણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરાના ૪૦ કરીગરો તથા ગુજરાતના ૧૪૦ કારીગરોએ ભાગ લીધો હતો. આ હસ્તકલા હાટમાં કારીગરોએ રૂ. ૨૧,૭૦,૦૭૫ની રકમની વિવિધ વસ્તુઓનું વેચાણ કરવામાં આવ્યું હતું.

માધવપુર મેળા દરમ્યાન માધવપુર, પોરબંદર, શિવરાજપુર તથા સોમનાથના દરિયાકાંઠે રેતી શિલ્પ કૃતિઓ બનાવવામાં આવી હતી. મેળા દરમિયાન બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં જૂડો, બીચ હેન્ડબોલ, બીચ વોલીબોલ, બીચ કબ્બડી, ૧૦૦ મી. રન, ૭છ સાઈડ બીચ ફૂટબોલ જેવી વિવિધ રમતોનું આયોજન કરાયું હતું. પ્રવાસન નિગમ દ્વારા દરેક સ્થળો ખાતે શ્રી કૃષ્ણ અને રૂકમનીના વિવાહ આધારિત થીમ પર ટેમ્પરરરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લાઈટ અને સાઉન્ડ સિસ્ટમ અને ઈવેન્ટ મેનેજમેન્ટનું આયોજન કરાયું હતું.આ મેળા દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારોના ધારાસભ્યશ્રી, સાંસદ, સ્થાનિક હોદેદારો, કલેક્ટર, મહાનગરપાલિકા કમિશનર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા સહિત સ્થાનિક વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ તેમજ અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતીય રિઝર્વ બેંક ૧૭ એપ્રિલના રોજ વિવિધ પાકતી મુદતની સરકારી સિક્યોરિટીઝ ખરીદશે




મુંબઈ,

ભારતીય રિઝર્વ બેંકે જણાવ્યું હતું કે, તા. ૧૭ એપ્રિલ ૨૦૨૫ના રોજ વિવિધ પાકતી મુદતની સરકારી સિક્યોરિટીઝ ખરીદશે, જેની કુલ કિંમત ૪૦,૦૦૦ કરોડ રૂપિયા છે. બેંકિંગ સિસ્ટમમાં લિક્વિડિટી વધારવા માટે ચાલુ નાણાકીય વર્ષમાં રિઝર્વ બેંક દ્વારા સિક્યોરિટીઝની આ ત્રીજી ઓપન માર્કેટ ઓપરેશન (ૐ) ખરીદી હશે. ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની પહેલી ખરીદી ૩ એપ્રિલે કરવામાં આવી હતી, જ્યારે એટલી જ રકમની બીજી ખરીદી ૮ એપ્રિલે કરવામાં આવી હતી અને હવે ૧૭ એપ્રિલે ત્રીજી ખરીદી કરવામાં આવશે. સત્તાવાર આંકડા દર્શાવે છે કે જાન્યુઆરી ૨૦૨૫ થી અત્યાર સુધીમાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકિંગ સિસ્ટમમાં લગભગ ૭ લાખ કરોડ રૂપિયા રોકેલા છે. આ સાથે જ લિક્વિડિટી વધારવા માટે ઈર્ૈંએ આ વર્ષે ફેબ્રુઆરી અને એપ્રિલ મહિનામાં બે વખત રેપો રેટમાં ઘટાડો કર્યો છે. જેના કારણે બેંકો અને હ્વમ્હ્લઝ્રજ તરફથી મળતી લોન પરના વ્યાજ દરમાં ઘટાડો થયો છે. બેંકિંગ સિસ્ટમમાં લિક્વિડિટી વધારવા માટે, ઈર્ૈં ઓપન માર્કેટ ઓપરેશન, ડોલર-રૂપિયા સ્વેપ અને વેરિયેબલ રેપો રેટ જેવી ઘણી પદ્ધતિઓ અપનાવે છે.ઓપન માર્કેટ ઓપરેશન એટલે આ પોલિસી હેઠળ મની સપ્લાય કંટ્રોલ માટે, બેંકિંગ સિસ્ટમમાં લિક્વિડિટી વધારવા અને અર્થતંત્રને વેગ આપવા માટે, ઈર્ૈં સરકારી સિક્યોરિટીઝ ખરીદે છે, જેનાથી બેંકમાં પૈસા આવે છે. જેના કારણે બેંકને વધુ લોન આપી શકે છે અને આર્થિક વિકાસને વેગ મળે છે.

તે પ્રકારે જો માર્કેટમાં વધુ લિક્વિડિટી જણાય તો તે ઘટાડવા માટે ઈર્ૈં સરકારી સિક્યોરિટીઝ વેચે છે, જેનાથી બેંકની લોન આપવાની ક્ષમતા ઘટશે અને તેથી માર્કેટમાં ઓછા પૈસા પહોંચશે. ઓપન માર્કેટ ઓપરેશન્સ એ એક સાધન છે જેનો ઉપયોગ ઈર્ૈં ફુગાવો, વ્યાજ દર અને નાણાં પુરવઠાને નિયંત્રિત કરવા માટે કરે છે.

# દહેગામના બે શખ્સોને પાસા હેઠળ કચ્છ ભુજની પાલારા જેલમાં મોકલાયા




ગાંધીનગર જિલ્લામાં પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તિઓને નાબૂદ કરવાના અભિયાન હેઠળ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગાંધીનગર રેન્જના ડીઆઈજી વિરેન્દ્રસિંહ યાદવ અને એસપી રવી તેજા વાસમસેટ્ટીના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે.રખીયાલ પોલીસ સ્ટેશનના પીઆઈ એન.બી.ચૌધરીએ બે આરોપીઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી હતી. આ આરોપીઓમાં દહેગામના લબ્ધી સોસાયટીના ગુણવંતભાઈ લાભશંકર મહેતા અને નીલકંઠ મહાદેવપુરા, નાંદોલના નરેશકુમાર ઉર્ફે ટીનો સરદારસિંહ ઉદાજી ઠાકોરનો સમાવેશ થાય છે.જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગરે પાસા એક્ટ હેઠળ અટકાયતની મંજૂરી આપ્યા બાદ સર્વેલન્સ સ્કોડની મદદથી બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી. આ બંને આરોપીઓને કચ્છ ભુજની પાલારા ખાસ જેલમાં મોકલી દેવામાં આવ્યા છે.

# સ્પાઇનના મણકાનો પ્રોબલેમ થાય તો એક્સ-રે અને એમઆરઆઇનો રિપોર્ટ કરાવી નિદાન કરાવવું જરૂરી

વર્તમાન સમયમાં બેઠાડુ જીવન તેમજ સતત બેસી રહેવાના કારણે કમરના મણકા વચ્ચેની ગાદીમાં ઘસારાની બિમારીના કેસ વધી રહ્યા છે. ઉપરાંત કમરના દુઃખાવાના વધી રહેલા કિસ્સાઓને પગલે સ્પાઇનના મણકાનો પ્રોબલેમ થાય તો આળસ રાખ્યા વિના એક્સ-રે અને એમઆરઆઇ સહિતના રિપોર્ટ કરીને તબિબ પાસેથી નિદાન અને સારવાર કરવી જોઇએ તેમ નગરના ડોક્ટરોના માટે સ્પાઇનના બિમારીના કાર્યક્રમમાં જાણકારી આપી હતી.

આધુનિક ટેકનોલોજીના સમયની સાથે સાથે સ્પર્ધાત્મક માહોલને પગલે લોકોનું જીવન બેઠાડુ બની જવા પામ્યું છે. જીવનશૈલીમાં આવેલા બદલાવને પગલે અનેક બિમારીઓ સામે આવી રહી છે. તેમાં હાલમાં સ્પાઇનના મણકાની બિમારીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ત્યારે નગરના તબિબો માટે સ્પાઇનના બિમારી અંગેની જાણકારી આપતો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. ઇન્ડિયન મેડિકલ એસોસિએશન ગાંધીનગર અને એશિયન હોસ્પિટલ અમદાવાદના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં તબિબોને સ્પાઇનની કેવા પ્રકારની બિમારીઓ હાલમાં સામે આવી રહી તેની જાણકારી આપીને તેના નિદાન અને સારવાર માટે દર્દીઓમાં જાગૃત્તતા આવે તે માટે તબિબોને અપીલ પણ કરવામાં આવી હતી.

# માણસાના સોજા ગામે હાઈવે પર રસ્તો ક્રોસ કરતા યુવાનનું મોત




ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના સોજા ગામમાં એક દુર્ઘટના સામે આવી છે. સોજા ગામના રહેવાસી મેલાજી ચંદુજી ઠાકોરનું અકસ્માતમાં મોત નિપજ્યું છે. ગઈકાલે રાત્રે ૮:૩૦ વાગ્યે મેલાજી સોજા ગામ હાઈવે પરથી રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન પૂરપાટ ઝડપે આવેલા અજાણ્યા વાહને તેમને ટક્કર મારી હતી.અકસ્માતમાં મેલાજીને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પહેલા કલોલ સરકારી હોસ્પિટલ ખાતે લાવામાં આવ્યો હતો તે પછી માણસા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં પીએમ કરવામાં આવ્યું હતું કલોલ તાલુકા પોલીસે શકરાજી મંગાજી ઠાકોરે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ કલોલ તાલુકા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુધ અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# એન્ટી સોશિયલ અને નિષ્ફળ નેતાઓ દ્વારા સોશિયલ મીડિયામાં નકલી બોર્ડ પરિણામોને લઈ વિધાર્થીઓ સાથે છેતરપિંડીનો ઘિનાવટો પ્રયાસ - રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

તાજેતરમાં સોશિયલ મીડિયામાં કેટલાક નિષ્ફળ નેતાઓ દ્વારા ગુજરાત બોર્ડના પરિણામોને લઈને ખોટી અને ભ્રામક માહિતી ફેલાવવાનો દુષ્પ્રયાસ કરવામાં આવ્યો છે, જેના સંદર્ભે રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, ગુજરાતમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડ પરિણામ હજી જાહેર થયાં નથી, છતાં અખિલેશ યાદવ અને અરવિંદ કેજરીવાલ જેવા નેતાઓએ જૂઠાણું ફેલાવી વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનોમાં ભ્રમ અને ભયનું વાતાવરણ ઊભું કરવાનું કામ કર્યું છે.

આ બાબતે રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ આકરી પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે, "વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રાજકીય રોટલા શેકવાની કોશિશ અત્યંત નિંદનીય છે. ગુજરાત અને દેશની જનતા જાગૃત છે અને આવી ખોટી વાતોને સ્વીકારી લેતી નથી, માટે જ આવા નકલી નેતાઓને જાગૃત મતદારો દ્વારા સમગ્ર દેશમાં જાકારો મળ્યો છે"

શ્રી પાનશેરીયાએ જણાવ્યું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વ હેઠળ માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના દ્રઢ નેતૃત્વમાં રાજ્યમાં શિક્ષણક્ષેત્રે સિસ્ટમેટિક સુધારાઓ લાવ્યા છે, જેનાથી વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ, ટેકનોલોજી આધારિત શીખવાની સુવિધાઓ અને પાયાનું માળખાગત મજબૂતીકરણ મળ્યું છે.તેમણે સ્પષ્ટ રીતે ઉમેર્યું કે, "શિક્ષણ એ રાજકારણથી ઉપર છે. ગુજરાતના વિદ્યાર્થી મેરિટ અને મહેનતથી આગળ વધી રહ્યા છે. દેશમાં પોતાના રાજકીય એજન્ડાને આગળ ધપાવા માટે કેટલાક "પહેરાધારી ઈમાનદાર" એન્ટી સોશિયલ અને રાષ્ટ્ર વિરોધી નેતાઓ નકલી પરિણામો સોશિયલ મીડિયા પર શેર કરીને બાળકોના ભવિષ્ય સાથે ખિલવાડ કરી રહ્યા છે. બાળકોના ભાવિ સાથે ખોટી માહિતી દ્વારા રમત રમવી ઘાતક છે.

# બે દિવસ પહેલા ગૂમ થયેલા યુવકની લાશ નદીમાંથી મળી

બે દિવસ પહેલા ગૂમ થયેલા ૨૦ વર્ષના શ્રમજીવી યુવકની લાશ મહીસાગર નદીના કિનારેથી મળી આવી હતી. આપઘાતની આશંકા સાથે નંદેસરી પોલીસે તપાસ હાથ ધરી છે.રાજસ્થાનના બાડમેર જિલ્લાના સેલા ગામે રહેતા સંતોષગીરી ગોસ્વામી છૂટક મજૂરી કામ કરે છે. તેમનો પુત્ર મહેન્દ્રગીરી (ઉં.વ.૨૦) ઘર છોડીને જતો રહેતા તેઓ પુત્રને શોધવા નીકળ્યા હતા. મહીસાગર નદીના કિનારે તેમણે તરવૈયાઓની પૂછપરછ કરી પોતાનો મોબાઈલ નંબર આપીને એવું કહીને ગયા હતા કે, કદાચ આવો કોઇ યુવક આવે તો જાણ કરજો. દરમિયાન આજે સવારે તેની લાશ મહીસાગર નદીના બ્રિજ નીચેથી મળી આવતા સ્થાનિક રહીશે પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી. નંદેસરી પોલીસ સ્ટેશનનના હે.કો. નરસિંહભાઇએ સ્થળ પર જઇને તપાસ કરી હતી.

ન્યુઝ઼ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ઼ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No:- 168**
વિષય:-ભોગ વિલાસ
શીર્ષક:-યુગ પરિવર્તન
પ્રકાર:- ગદ્ય શબ્દ:- ૩૪૮

ભક્તિ માર્ગ અંધકાર છે અને જ્ઞાનમાર્ગ પ્રકાશ છે. સંસ્કાર માટે આધ્યાત્મિક ગર્ભ સંસ્કાર હોવું ઘટે..........આત્મા સંસ્કાર લઈને જન્મે છે અને સંસ્કાર લઈને જાય છે. અને એ જ સંસ્કાર આત્માઓમાં રીપીટ થતું રહે છે. અને જેવું વાવેલું હોય છે એવું જ પ્રાપ્ત કરે છે.સતયુગ અને ત્રેતાયુગ એક એવો યુગ છે જ્યાં વ્યભિચારીતા આશક્તિ મોહ માયા કામ ક્રોધ અહંકાર લાલચ ઈચ્છા દમન રતિ ક્રીડા ભોગ વિલાસ નામથી હોતી નથી. અને જે કાંઈ પણ હોય છે તે અતિમાં નહીં પણ મર્યાદામાં નેચરલ હોય છે. અને પુત્ર પ્રાપ્તિ પણ ઈચ્છા મુજબ થતી હોય છે. પર સ્ત્રી પુરુષ ગમન આ યુગમાં હોતું નથી. પવિત્રતા જ આ યુગનું મૂળ પાયો અને સંસ્કાર છે.આ યુગમાં વિચરતા માનવી એક દેવી-દેવતા સમાન હોય છે. આ યુગમાં માનવી પવિત્ર આચરણ વાળા હોય છે. રહેણી કરણી ખાન પાન એક ભાષા શુદ્ધ દ્રષ્ટિભાવ ઉચ્ચ શ્રેણીનાં વહેવાર હોય છે. આ યુગનો લાભ એ જ વ્યક્તિ લઈ શકે છે કે જેનું જીવન સંપૂર્ણ આધ્યાત્મિક અને પવિત્રતા એનાં રગ રગમાં વ્યાપેલ હોય છે. આ યુગમાં પવિત્રતા જ મોટામાં મોટું સુખ કહેવાય છે. ભોગવિલાસ શેષ નામથી હોતું નથી. સતયુગ અને ત્રેતા યુગ પવિત્રતાનું મૂળ પાયો છે. મૂળ આત્માઓ જ પવિત્રતાના સંસ્કાર લઈને આ યુગને પ્રાપ્ત કરે છે. સૌ કોઈ દેવી દેવતા સમાન વિચારતાં હોય છે.

બાદ દ્વાપર યુગથી પરિવર્તન આવતાં કળિયુગના અંત સુધી દંપતીના ગર્ભ સંસ્કાર ( ભોગ વિલાસ) થી જન્મી આત્માઓ ભોગવિલાસ એનાં શરીર માટે એક સુખ નું સાધન બની જાય છે. કોઈપણ શરીર ધારી આત્મા ભલે શાસ્ત્રનું પઠન કરી લે, ભક્તિ કરી લે, ગુરુ કરીલે તોય તે કામ વિકારથી છૂટી શકવાનો નથી. માણસને એનાં સંસ્કાર જ એનું વ્યક્તિત્વ સાબિત કરે છે કે તે કઈ શ્રેણી નો વ્યક્તિ છે.આજની યુવા પેઢી પોતાને લગ્ને લગ્ન કુંવારા સાબિત કરવા માંગે છે. આજે કામોતેજક ડ્રગ મેળવવામાં કોઈને તકલીફ પડતી નથી. આજની યુવા પેઢીની કમર ભોગ વિલાસના કારણ તૂટી ગયેલ છે. ભોગ વિલાસના કારણે યુવા પેઢી આધ્યાત્મિકતાથી દૂર જઈ રહ્યો છે. મારી દ્રષ્ટિએ સોશિયલ મીડિયા સેક્સ યુનિવર્સિટી સાબિત થઈ છે. આજે માણસ માણસને તેની બુદ્ધિની પરાકાષ્ઠાથી ભોગવી રહ્યો છે તેમ કહેવું જરાય અતિશયોક્તિ નથી.આજે મોટામાં મોટી વિડંબણા એ છે કે વાનપ્રસ્થ અવસ્થામાં પણ કોઈ બ્રહ્મચર્ય જીવન જીવવા માંગતું નથી.!!??

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-106**
વિષય-"ભોગવિલાસ". પ્રકાર-ગદ્ય
શીર્ષક-"મળ્યું છે તો માણો?"
શબ્દ-૨૧૫

ઈક દિન બંદયા હે ઉડ જાના પલટ કે ઓના નહિ..
એટલે માણો માણો આ ઘડીને માણો !
એક ગુરૂજી હંમેશાં કહેઁહર્દ્ધઅ ક્ષૈકી ૨૦૦%! આ "એન્જોય"નો અર્થ જાણ્યા વગર આપણે તો મંડીએ જિંદગીને માણવા--એ..ને..ઘરવાળી/ બારવાળી,ખાવપીવો એશ કરો. મઝા કરો.
એક સાચો બનેલો બનાવ કહું :એક ભાઈને લાડુ બહુ ભાવે,જમણ વારમાં ગયા.એ જમાનામાં,પંગત પડતી!જમીનઉપર બેસીને પતરાવડાંમાં જમાડવાનો રિવાજ.
કેળાંનું રાયતું-ગોવાર ચિભડાંનું શાક,મસ્ત ખટ્ટમીઠી તુવેરની દાળ,કાકડી/ ટમેટાંનું વઘારિયું(કચુંબર)ગરમગરમ દડાજેવી ઉફસેલી પુરીઓ તથા બુંદીના લાડુ. નમકની ચપટીનું અપોષણ.
ભાઈ તો પીરસાયેલાં પતરાવડાં સામે પલાંઠીવાળી ઢીંચણીયે એકપગ રાખી,ગણપતિની જેમ ગોઠવાઈ ગયા!
એમની નજર પતરાવડાં પર,માત્ર લાડુ પર ટકેલી હતી. અતિશયોક્તિ વગર લખું છું ,ભાઈએ દોઢ કલાક સુધી બુંદીના લાડુ જાપટ્યે જ રાખ્યા.એક નહિ-બે નહિ-એકવીસ!!પીરસણિયાઓ તો પીરસતા જ રહ્યા! ખાય છે તો ખાવા દો ને! પ..ણ છેવટે એ ભાઈનું પેટ એવું તો ભરાઈ ગયું કે એ ઊભા જ ન થઈ શક્યા!એમને આફરો ચડ્યો! એમના શ્વાસ અધ્ધર થઈ ગયા,ત્યાનૈ ત્યાં રામ રમી ગયા!! અતિનીગતિ ન હોય! મળ્યું છે તો માણો-મળ્યું છે તે માણો પણ
ઘરની જિંદગી પોતાની જિંદગી.
અઅસંતોષ રાખી પારકો લાડુ જાપટવા જાશું તો ફાલતુ રોગોના ભોગ થશું જ.
પારકી થાળીમાં લાડુ મોટા લાગે!

મુક્તિદા કુમાર"રુપલી"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS No.: 0141***
★વિષય: "ભોગ વિલાસ"★
★શીર્ષક: "બાબા ભીમ આંબેડકર"★
★પ્રકાર: પદ્ય/અછાંદસ સોનેટ★ ★શબ્દો: ૧૩૩★

આખી દુનિયા, રચી મચી પડી છે, આનંદ પ્રમોદમાં જ્યાં;
કોઈ કોઈને, ગણતું નહીં, હતા સ્વાર્થ, મોજમજામાં ત્યાં!

મળે ન મહેનત, પ્રમાણે રોટી, મળે ન માંગ્યું, જળપાણી;
શોષણ સઘળે થાતું સૌનું, ભીરી હ્રદયદ્રાવક જે કહાણી!

લાતો પડતી, અત્યાચાર અમાનુષ, બેડીઓ બાંધેલ બહુ;
ખેડૂત બિચારો, જાત ઘસતો, કાળાં કષ્ટ સહેતા'તા સહુ!

વિદ્યા પ્રાપ્તિ, તણા અભરખા, ક્યાંય કોઈમાં દિસતા ના;
એમાં વળી, પરોપકાર કેમ કરવો? ગરથ ગાંઠે છૂટતા ના!

બાળ ગોપાલ, કુટુંબ પરિવાર, મોહ માયા નીજની લાભે;
પત્નીને અંગ, પર નથી લૂગડાં, કાયા જીર્ણ, જેની ગાભે!

સ્ત્રી સન્માન, મજૂર વેતન, શિક્ષણ કાયદા નહોતા હાથે;
એવામાં એક, ચમકી વીજળી, મેઘાડંબર આકાશ માથે!

છોડી એમણે, ભોગવિલાસ સર્વે, સાર્થક કર્યું છે જીવન;
"બાબા ભીમ આંબેડકર" જીવતું જાગતું, શાંત તપોવન!

★: રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOGG SS no 351**
વિષય: ભોગવિલાસ
શીર્ષક: ભોગવિલાસ
પ્રકાર: ગદ્ય શબ્દ૨૦૬

મન એવું છે કે માને જ નહીં, મન હોય તો માળવે જવાય એ જ મન જો સત્ય ધર્મની રાહબર બને તો જિંદગી સુધરી જાય, અમુક વખતે મન મારવું પડે સત્ય ધર્મની રીતે ચાલવું, બીજો માર્ગ સત્સંગનો છે, મોંઘો મનુષ્ય દેહ મળ્યો પણ આપણે ભોગવિલાસ તરફ વધુ આકર્ષિત થઈએ છે ભોગ એટલે ભૌતિક સુખ સુવિધા અને આનંદ લેવો અને ભવ્ય જીવનશૈલી જીવી આપણું મન અને ઈન્દ્રિયોને સંયમમાં રાખવી પડે અને ભોગ ભોગવવા મનની ઉપર કાબુ રાખવું, ભોગવિલાસ એક મર્યાદિત સીમા સુધી યોગ્ય છે જો પરાકાષ્ઠા વધી જાય તો એક વ્યસન બની જાય છે.

ભોગવિલાસ તો યુગ યુગાંતર સુધી ચાલતો આવ્યો છે, ઘણા ઋષિમુનિઓ ઉચ્ચ કક્ષાએ પહોંચીને ઘણી સિદ્ધિઓનો માલિક હોવા છતાં ભોગવિલાસની માયાજાળમાં ફસાઈને નીચે પછડાયા છે.
એક વાત કરીએ આધુનિક યુગની તો આપણી વિલાસાતા બહુ ઝડપથી આગળ વધી રહી છે માનસિક, શારીરિક અને આર્થિક રીતે ખૂબ પાંગળો બનાવી દીધો છે, સારું નરશું નું ભાન નથી રહ્યું જેટલા ઊંચા ભોગવિલાસ એટલું સમાજમાં કદ મોટું થતું જાય પણ પરિણામ સ્વરૂપે પોતાની આત્મિક શાંતિ ગુમાવી બેસે છે ધર્મ અને સાધનરૂપી સત્સંગ મનુષ્યને ભોગવિલાસમાં નિયંત્રણ કરતા શીખવે છે.

ભોગવિલાસના વશ ન થવું ભૌતિક, શારીરિક, માનસિક વિલાસતા એક વિનાશ નોતરે છે અને તે સમજવું ખૂબ જ જરૂર છે, જીવનમાં સંયમિત રહેવું, સંતોષ રાખવો અને અધ્યાત્મિક ઉન્નતી તરફ વળવું...

જયશ્રી વાઘેલા (મુંબઈ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 0092**
વિષય- ભોગવિલાસ
શિર્ષક - મન પર જીત
પ્રકાર - પદ્ય શબ્દ -૧૪૪

મન તો છે મર્કટ સમું,
સદાય સીધું ક્યાં ચાલે?
ક્યારેક માણે સાદગી તો,
ક્યારેક ભોગવિલાસમાં મ્હાલે.

ખેંચતાણ ચાલે સદા મન માંહી,
વિચારો આમ પકડે ને તેમ ઝાલે.
જીતે કોણ સંસ્કાર કે બાહ્ય પ્રલોભનો?
જોઈએ કોનું ક્યાં સુધી રાજ ચાલે?

ભોગ વિલાસ એટલે સુખ સગવડો,
એક આ અર્થ આજે ફૂલે ને ફાલે.
દેવું કરીનેય આજે વૈભવી જિંદગી જીવવી,
પછી જે થવું હોય થાય ભલે ને કાલે.

બીજો અર્થ સમાજની મર્યાદા વટાવવી,
બધુંજ સ્વીકાર્ય ને ચાલે.
નીતિ નિયમોને નેવે મૂકી,
આંધળો પાટો બાંધીને હાલે.

બંનેમાં થાય છે આખરે હાલ ભૂંડા,
ક્ષણિક સુખ ને શાશ્વત માની મ્હાલે.
જગમાં થાય છે હાંસી ને બેઆબરૂ,
કાળી ટીલી લાગે છે ભાલે.

બાહ્ય ચકાચોંધથી આંખો અંજાશે,
મનના ઘોડાને ચલાવજો કડક તાલે.
લગામ જો ઢીલી તો ઘા નિશ્ચિત છે,
બહાના એકેય નહીં ચાલે.

અલકા નવિનચંદ્ર મહેતા

# મોટી ઝાડદર ગામે હનુમાન જન્મોત્સવ તહેવારની ઉજવણી કરવામાં આવી



આહવા-ડાંગ

શેપૂ આંબા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ મોટી ઝાડ દર ગામે હનુમાન જન્મોત્સવ ના પાવન વન પર્વ નિમિત્તે વિશેષ ઉજવણી કરવામાં આવી હતી અને આ કાર્યક્રમમાં શ્રીરામ કૃષ્ણ વેલ્ફેર ટ્રસ્ટ ના મહેમાનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાડાંગ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં હનુમાનદાદા ને વિશેષ પૂજા અર્ચના કરવામાં આવતી હોય છે તેમજ દરેક ગામમાં ગ્રામ દેવતા તરીકે હનુમાનજીને વિશેષ વિશે સ્થાન આપવામાં આવ્યું છે તેમજ દર વર્ષની જેમ આ વર્ષે પણ હનુમાન જન્મોત્સવના તહેવાર નિમિત્તે મોટી ઝાડદર ગામે ગ્રામજનો દ્વારા વિશેષ ઉજવણી કરવાનો આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામની બહેનો દ્વારા પરંપરાગત ગવરાઈ તેમજ નાના બાળકોને પ્રભુ શ્રીરામ ,લક્ષ્મણજી ,સીતા માતાજી ના વેશ ધારણ કરિ ગામમાં શોભાયાત્રા કાઢવા માં આવી હતી જેમાં ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનો હર્ષ ઉલ્લાસ ભેર જોડાયા હતા તેમજ સુરતથી પધારેલ મહેમાનો દ્વારા ગામન બહેનો માટે સાડી વિતરણ કરવામાં આવી હતી તેમજ ગામના સરપંચ દ્વારા મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં શ્રી રામકૃષ્ણ વેલ્ફેર ટ્રસ્ટ સુરતના મહેમાનો શ્રી કે.ડી સાહેબ તેમજ સેપૂ આંબા ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ શ્રી રાજુભાઈ કુવર ગામના સભ્યશ્રી હાડ ગુ ભાઈ ચૌધરી ગામના પાટીલ અનેશભાઈ કુંવર તેમજ ગ્રામ પંચાયતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તેમજ ગામમાં હનુમાન જન્મોતસવ નો સુંદર આયોજન બદલ સુરતના મહેમાનો દ્વારા ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા.

## ડાંગ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા કોટબા અને ધવલીદોડ ગામે લોકોને સાઈબર ક્રાઈમ થી સાવધાની રાખવા અંગે માર્ગદર્ષિત કર્યા

આહવા-ડાંગ

ડાંગ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા કોટબા અને ધવલીધોડ ગામ ખાતે હનુમાન જયંતી ઉત્સવની ઉજવણી નિમિતે લોકોને સાઇબર ક્રાઇમ થી સાવધાની રાખવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.તહેવાર પ્રંસગે ઉપસ્થિત થયેલા અંદાજિત ૫૫૦ જેટલા લોકોને સાયબર ફ્રોડ, ડિજિટલ એરેસ્ટની ધમકી, ફ્રી ગેઇમ એપ્લિકેશન, ફ્રી ગિફ્ટ તેમજ કેસ વાઉચરના નામ થી આવતી લિંક તેમજ ફેક કોલ જેવા સાયબર ક્રાઈમ ની માહિતિ આપી આવા સાઇબર ક્રાઇમ નો ભોગ ન બનાય તે માટે શું સાવધાની રાખવી તેની માહિતી આપવામા આવી હતી. તેમજ સાયબર હેલ્પ લાઈન નંબર ૧૯૩૦ વિશે માહિતી આપી બેગ તેમજ પેમ્પ્લેટ નુ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રંસગે સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશન આહવાના કર્મચારીઓ, ધવલીદોડ ગામના સામાજિક આગેવાન શ્રી રમેશભાઈ ગાગોર્ડા, ગામના સ્થાનિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામ્યજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, કડી નો Celebration of Success-2025 તેમજ Oroja-The Telent show યોજાયો











સર્વ વિદ્યાલય કેળવણી મંડળની એસ.વી. ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ (એમ.બી.એ. એમ.સી એ અને એમ.બી.એ.(ઈન્ટીગ્રેટેડ) પ્રોગ્રામ), કડીનો સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના આદરણીય ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલના માર્ગદર્શનમાં અને વરિષ્ઠ મંત્રીશ્રી રમણભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ વાર્ષિક ઉત્સવમાં ઉપસ્થિત Tower Overseas Ltd ના સ્થાપક તેમજ CEO શ્રી વિમલ અંબાણીએ ભણતરની સાથે ગણતર રાખી આજુબાજુ થતી ઘટનાઓમાંથી કઈક શીખીને આગળ વધવાની સલાહ આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ઉદ્દબોધન કરતા શ્રી વિવેક ઓગ્રા, Partner-EY Transprot Consultancy એ વિદ્યાર્થીઓને દરેક સ્થિતિમાં પ્રશ્નો પૂછવાની ટેવ રાખી તેનો જવાબ મેળવી પોતાનું જ્ઞાન વધારવાની સલાહ આપી હતી. આ પ્રસંગે શ્રી અનૂપ મેહરોત્રા, Vice President, Nrothstar Diagnostic Pvt. Ltd એ જીવનમાં આરોગ્યનું મહત્વ સમજાવી લાંબા સમય સુધી પોતાનું આરોગ્ય સાચવવા પર દુનિયામાં ઘણા સારા સંશોધનો થઈ રહ્યા છે તેનો ભાગ બની તે દિશામાં વિદ્યાર્થીઓને આગળ વધવાનું કહ્યું હતું. સંસ્થાની આ ઉજવણીમા ગુજરાતી ફિલ્મ શસ્ત્રના મુખ્ય કલાકારો ચેતન ધનાણી, પૂજા જોશી, હેમીન ત્રિવેદી તેમજ પ્રિયલ ભટ્ટ ઉપસ્થિત રહી તેમને વિદ્યાર્થીઓને તેમની ફિલ્મ તેમજ ફિલ્મ લાઈનના સંઘર્ષ અને અનુભવો રજુ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સંસ્થાનીઁ ઇ સહયોગી કંપનીઓ સ્ટ્રેટેજીક મીડિયા અને સેતુ મીડિયાના શ્રી સુભોજિત સેન અને મિસ ક્રિષ્ના ત્રિવેદી તેમજ ગુજરાતી ફિલ્મ એક્ટર મૌલિક ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા દ્વારા યોજાયેલ ઉર્જા-ટેલેન્ટ હરીફાઈમાં વિદ્યાર્થીઓએ ગ્રુપ ડાન્સ, ડ્રામા, સિંગિંગ અને ફેશન શો જેવી હરીફાઈમાં ભાગ લીધેલો તેમજ ઉર્જા-ટેલેન્ટ હરીફાઈમાં નિર્ણાયક તરીકે શ્રી ઋત્વિજ જોશી-મ્યુઝીક કમ્પોઝર અને મિસ દેવાંશી શાહ-મિસ ગુજરાત-૨૦૨૫ એ હાજરી આપીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ડાયરેક્ટર અને મેનેજમેન્ટ વિદ્યાશાખાના ડીન ડો. ભાવિન પંડ્યાએ સંસ્થાનું વાર્ષિક નિવેદન રજુ કર્યું હતું જેમાં એમણે સંસ્થાના અભ્યાસ, પરિણામ, રીસર્ચ અને પ્લેસમેન્ટ અંગેની માહિતી આપી હતી. આ પ્રસંગે સંસ્થાના વિદ્યાર્થીઓને ખુબ જ ઊંચા પગાર સાથે નોકરી આપતી દેશની અને વિદેશની ૨૦ અગ્રગણ્ય કંપનીયોને બેસ્ટ રીકૃટર એવોર્ડ્સ, સંસ્થાને મદદ કરતા તેમજ ખુબ જ સારા હોદ્દા સાથે વિવિધ કંપનીયોમાં સેવા આપતા કે જેમાં સંસ્થાના વિદ્યાર્થી જીમિત શાહ- Bank of Montreal, Canada, ઉમંગ પટેલ-દ્ધીહટ્ટી,ેજીછ તેમજ વિદ્યાર્થીની જુહી પટેલ-Phoenix accountants, Australia ™u 'International Excellence Award' સાથે ૧૪ ભૂતપૂર્વ તેમજ અભ્યાસ અને અન્ય પ્રવૃતિઓમાં સંસ્થાનું નામ રોશન કરનાર ૨૫ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓનું મહાનુભાવોના વરદ હસ્તે ટ્રોફી આપી સન્માન પણ કરવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના વરિષ્ઠ મંત્રીશ્રી રમણભાઈ પટેલે સર્વ વિદ્યાલયના ગૌરવશાળી ઈતિહાસને યાદ કરી રજુ થયેલ સંસ્થાના વાર્ષિક નિવેદનમાં દર્શાવેલ અભ્યાસ, પરિણામ, રીસર્ચ અને પ્લેસમેન્ટની માહિતીથી સંતુષ્ઠ થઈ સંસ્થા પરિવાર ને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના કોમ્પુટર વિદ્યાશાખાના ડીન ડો.રૂપેશ વ્યાસ અને નરસિંહભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પુટરના ડાયરેકટર ડો સંજયભાઈ શાહ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સંસ્થાના કોઓર્ડીનેટર ડો.પ્રીતિ સાલવી, અધ્યાપકો, વિદ્યાર્થીઓ તેમજ અન્ય કર્મચારીઓએ ખુબજ જહેમત ઉઠાવી હતી.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર




## ગુજરાત સરકાર ઉજવી રહી છે ભારતના બંધારણના અંગીકરણના ૭૫ વર્ષ



# બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરને જન્મજયંતી નિમિત્તે કોટિ-કોટિ વંદન

"સમાજમાં સમાનતા લાવવી એ ન્યાયનું કાર્ય છે"
- ડૉ. બાબાસાહેબ આંબેડકર




- **સૌને માટે ઘરનું ઘર:** ડૉ.આંબેડકર આવાસ યોજનામાં હાલમાં આપવામાં આવતી **₹ ૧.૨૦ લાખ**ની સહાયમાં **₹ ૫૦ હજાર** જેટલી માતબર રકમનો વધારો કરી કુલ **₹ ૧.૭૦ લાખ** કરવામાં આવી
- **શિક્ષણ સાથે સમરસતા કેળવાય તે માટે સમરસ છાત્રાલયો:** હાલમાં ૧૧ સ્થળોએ ૨૧ સમરસ છાત્રાલયો કાર્યરત, વર્ષ ૨૦૨૫-૨૬માં ૮ સમરસ કન્યા છાત્રાલયો અને ૧૧ સમરસ કુમાર છાત્રાલયો એમ **કુલ ૨૦ નવા સમરસ છાત્રાલયો** બાંધવામાં આવશે
- **સરકારી છાત્રાલયો:** વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૬ સરકારી કન્યા અને કુમાર છાત્રાલયો બાંધવા માટે **₹ ૨૨.૭૪ કરોડ**નો ખર્ચ કરાશે
- **નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત બાળકોને ગણવેશ:** નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર રચાયેલ બાલવાટિકામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને ૩ જોડી ગણવેશ ખરીદવા **₹ ૯૦૦**ની સહાય
- **ઉચ્ચ શિક્ષણ માટે સાધન સહાય:** ડિપ્લોમા/ડિગ્રી એન્જિ./મેડિકલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતી સહાયમાં **₹ ૨૦૦૦** થી લઈ **₹ ૫૦૦૦** સુધીનો વધારો, તેમજ ખાસ પ્રોત્સાહક સહાય હેઠળ ધો. ૧૦ અને ધો. ૧૨માં **₹ ૫૦૦૦** થી લઈ **₹ ૨૦,૦૦૦** સુધીનો વધારો
- **બેંક મારફત લીધેલી લોન પર સબસિડી સહાય:** અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળના નિગમો મારફત અપાતી લોન ઉપરાંત બેંક મારફતે વાહન, સ્વરોજગારી યોજના તથા ભારત અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બેંક મારફતે લીધેલ લોન પર **પુરુષો માટે ૬%** અને **મહિલાઓ માટે ૭%** વ્યાજ સબસિડી
- **ગણવેશ સહાય:** આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હાલમાં આપવામાં આવતી ₹ ૯૦૦ની સહાયમાં ₹ ૬૦૦નો વધારો કરી **₹ ૧૫૦૦** આપવામાં આવશે
- **દેશના રક્ષણ કાજે યુવાનો સૈન્યમાં જોડાય તે માટે અનુસૂચિત જાતિના યુવાનો માટે અગ્નિવીર તાલીમ**
- **અનુસૂચિત જાતિના કલ્યાણ માટે ₹૧૨૬૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે**
- અનુસૂચિત જાતિ સમુદાયનાં વ્યક્તિઓના વિરૂદ્ધ અત્યાચાર નિવારણ માટે **હેલ્પલાઈન નંબર -૧૪૫૬૬** થી સહાય મેળવી શકાશે



## વંચિતોના વિકાસ માટેની વણથંભી વિકાસયાત્રા...

**અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટેની**
વિવિધ કલ્યાણકારી યોજનાઓ માટેની જાણકારી
**www.mariyojana.gujarat.gov.in**
પરથી મેળવી શકાશે.

વંચિત સમુદાયના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

**- શ્રીમતી ભાનુબેન બાબરીયા,** મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, ગુજરાત સરકાર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.